# સૌરાષ્ટ્ર યુનિ.ની બી.કોમ પરીક્ષામાં ૮૩.૮૪% સાથે ઝળકતી પોરબંદરની છાત્રા

## પોરબંદર જિલ્લામાં પ્રથમ અને યુનિ.માં છઠ્ઠુ સ્થાન પ્રાપ્ત કર્યું



પોરબંદરની ડો.વી.આર.ગોઢાણિયા મહિલા કોલેજની મીનલ રાઠોડે બી.કોમ.માં ૮૩.૪૮ ટકા સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કરતા કોલેજના પ્રિન્સીપાલ ડો. અનુપમ નાગરે તેને બિરદાવી તેની તસ્વીર. **(તસ્વીરઃ જીજ્ઞેશ પોપટ)**

પોરબંદર તા.૨૨

તાજેતરમાં જાહેર થયેલા ટી.વાય.બી.કોમ.ના છઠ્ઠા સેમ.ના પરિણામમાં પોરબંદરની ડો.વી.આર.ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થીનીએ ૮૩.૪૮ ટકા સાથે પોરબંદર જિલ્લામાં પ્રથમ અને સૌરાષ્ટ્ર યુનિ.માં છઠ્ઠો ક્રમ મેળવતા પોરબંદર શિક્ષણ જગતના અગ્રણીઓએ તેને શુભેચ્છાઓ પાઠવી હતી.

ડો.વી.આર.ગોઢાણિયા મહિલા કોલેજ, પોરબંદરની ટી.વાય. બી.કોમ.ની વિદ્યાર્થીની મીનલ વિજયભાઇ રાઠોડે ૮૩.૪૮ ટકા સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પ્રથમ દસમાં છઠ્ઠુ અને પોરબંદર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ છે. આ તકે ઉત્કૃષ્ટ પરિણામ માટે ટ્રસ્ટના પ્રમુખશ્રી, ડો. વિરમભાઇ ગોઢાણિયા અને સમગ્ર ટ્રસ્ટીગણ સહિત ડો.વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલની તમામ સંસ્થાઓના હોદેદારો, અધ્યાપકગણ, શિક્ષકગણ અને સહકર્મચારી ગણ વતી મીનલને અભિનંદન સાથે સર્વોત્કૃષ્ટ જીવન માટે શુભકામનાઓ પાઠવી છે.

આ વિદ્યાર્થીનીના પિતા વિજયભાઇ રાઠોડ એલ.આઇ.સી.માં ખંભાળીયા ખાતે એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. જ્યારે માતા કુસુમબહેન ગૃહિણી છે. પહેલેથી જ ખુબ જ ખંત, કુનેહ, સમજદારી, સમયપાલનની આગ્રહી અને સારૂ જ્ઞાન ધરાવતી આ પ્રતિભાશાળી વિદ્યાર્થીની અનેક સહશૈક્ષણિક પ્રવૃતિઓમાં ભાગ લઇ સારામાં સારી કામગીરીથી સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીનીઓમાં સતત પ્રિય રહી છે. અન્ય વિદ્યાર્થીનીઓ અને સમાજ માટે ઉત્તમ ઉદાહરણરૂપ અને પ્રેરણાદાયક આ ઝળહળતી સફળતા માટે લાખ લા અભિનંદન અને આશિર્વાદની અધિકારી છે.